RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 121* Date: 27.02.2022 Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### હું ગદ્દાર નથી, કોઈ પણ ભોગે દેશ છોડીશ નહીં, યુક્રેનના રાષ્ટ્રપતિ

# યુક્રેન હથિયાર હેઠા મુકવાનાં મૂડમાં નથી, રશિયાનાં ૮૦ ટેંક, ૨૦ ક્રૂઝ મિસાઇલ નષ્ટ કર્યા



કીવ,તા.૨૬

યુક્રેન પર રશિયાનાં હુમલા બાદ ત્યાંની સ્થિતિ ઘણી જ વણસી ગઇ છે. જોકે રશિયાને સામી ટક્કર આપી રહેલાં યુક્રેન તરફથી વધુ એક દાવો કરવામાં આવ્યો છે કે, તેમને રશિયાનું મિલેટ્રી પ્લેન તોડી પાડ્યું છે. જોકે, જંગી જહાજ ધ્વસ્ત કરવાથી લઇ રશિયા તરફથી કોઇ પ્રતિક્રિયા આવી નથી. સાથે જ યુક્રેને દાવો કર્યો છે કે, હુમલામાં બીજા દિવસે એટલે કે ૨૫ ફેબ્રુઆરીનાં ૬૦ રશિયન સૈનિકોને પણ મારી નાખ્યાં છે. યુક્રેને ૧૩૭ જવાન માર્યા ગયા અને રશિયાનાં ૧૦૦૦ જેટલાં- રશિયા યુક્રેન જંગમાં વાર-પલટવાર ચાલુજ છે. યુક્રેનનાં રાષ્ટ્રપતિ જેલેંસ્કીએ કહ્યું કે, ત્રણ દિવસનાં યુદ્ધમાં અત્યાર સુધીમાં ૧૩૭ હીરોઝે તેમનો જીવ ગુમાવ્યો છે. જેમાં ૧૦ સૈન્ય અધિકારી પણ છે. યુકરેનની સેનાએ દાવો કર્યો છે કે તેમણે ૧૦૦૦થી વધુ રશિયન સૈનિકોને ઠાર માર્યા છે.

રશિયાન રક્ષામંત્રાલયનો દાવો છે કે, યુક્રેનનાં ૨૧૧ સૈન્ય ઠેકાણા નષ્ટ કર્યાં છે. બીજી તરફ યુક્રેનનો પલટવાર છે કે, તેમણે રશિયાનાં ઓછામાં ઓછા ૮૦ ટેંક, ૫૧૬ બખ્તરબંધ ગાડીઓ, ૭ હેલિકોપ્ટર, ૧૦ એરક્રાફ્ટ અને ૨૦ ક્રુઝ મિસાઈલ નષ્ટ કરી છે.બુલ્ગારિયાએ રશિયા માટે બંધ કર્યું તેમનું એર સ્પેસ્- યુક્રેન પર હુમલો કરવા માટે રશિયાને ભારે પડે છે કારણ કે દુનિયાભરમાં તેનો વિરોધ થઇ રહ્યો છે. એવામાં બુલ્ગારિયાએ પણ રશિયન વિમાનોને તેમની એર સ્પેસ બંધ કરી દીધી છે. જોકે ,આ પહેલાં અમેરિકાએ પણ રશિયાનાં રાષ્ટ્રપતિ પુતિન અને વિદેશ મંત્રી સહિત ઘણાં લોકોની સંપત્તિ ફ્રીઝ કરવાોન નિર્ણય લીધો છે.

યુક્રેનમાં રશિયા તરફથી કરવામાં આવેલા હુમલાની વિરુદ્ધ વિશ્વના અનેક દેશોના લોકો વિરોધ કરી રહ્યાં છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન આ વિરોધનો મુખ્ય ચહેરો છે. રશિયા-યુક્રેન વચ્ચે સતત બે દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે અને આજે તેનો ત્રીજો દિવસ છે.

રશિયાની રાજધાની મોસ્કો સહિત વિશ્વના ઘણા દેશોમાં તેનો વિરોધ કરવામાં આવી રહ્યું છે. એટલું જ નહીં રશિયાના આશરે ૫૩ શહેરોમાં આ યુદ્ધ વિરુદ્ધ લોકો મોટા સ્તરે વિરોધ પ્રદર્શન કરી રહ્યાં છે. આ લોકો યુદ્ધનો વિરોધ કરતા વાતચીત દ્વારા મુદ્દાનો ઉકેલ લાવવાની વાત કહી રહ્યાં છે.મોસ્કોના પશ્ચિમમાં હજારો લોકો ભેગા થયા અને હાથમાં ‘યુદ્ધ નથી જોતું‘ ના નારા લખેલા પોસ્ટર હતા. રશિયાની પોલીસે આશરે ૪૦૦ લોકોની ધરપકડ કરી હતી. આ સિવાય રશિયાની સંસદની બહાર પણ મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા. જોર્જિયામાં પ્રદર્શનકારીઓએ રાજધાનીમાં રશિયાની વિરુદ્ધ પ્રદર્શન કરતા જોર્જિયાના પ્રધાનમંત્રીના રાજીનામાની માંગ કરી. પ્રદર્શનકારીઓનો તર્ક હતો કે બાકી દેશોની જેમ આખરે જોર્જિયાએ કેમ તેના પર આર્થિક પ્રતિબંધો લગાવ્યા નથી.પ્રદર્શનકારીઓ રાજીનામા લખાયેલા ઝંડા હાથમાં પકડીને ઉભા છે અને એક બેનર પર સહી કરી રહ્યાં છે. તો નાટો હેડક્વાર્ટરની બહાર પણ યુક્રેન પ્રદર્શનકારી ઉભા રહીને પ્રદર્શન કરી રહ્યાં છે. પ્રદર્શનકારી આ યુદ્ધમાં યુક્રેનને એકલું છોડી દેવાને કારણે વિરોધ કરી રહ્યાં છે. તેમણે પુતિન આતંકવાદી લખેલા પોસ્ટર હાથમાં રાખ્યા છે. તાઈવાનમાં પણ યુક્રેન પર કરવામાં આવેલા હુમલાનો વિરોધ કરવામાં આવ્યો છે. તાઈવાનના સ્લાવ સમુદાયના અનેક લોકોએ યુક્રેનની સાથે એકતા દર્શાવવા માટે શુક્રવારે તાઈપે શહેરના એક રસ્તા પર ભેગા થયા કારણ કે પૂર્વ સોવિયત ગણરાજ્યએ રશિયા પર આક્રમણ જારી રાખ્યું હતું.યુક્રેન પર રશિયાનો હુમલો ચાલું છે. આ તમામની વચ્ચે યુક્રેનના રાષ્ટ્રપતિ જેલેંસ્કીએ મોટી જાહેરાત કરી છે. તેમણે યુક્રેન છોડવાની અમેરિકાની ઓફરને ઠોકર મારી દીધી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે તે, તેમણે દારૂગોળા જોઈએ. સાથે જ કહ્યું કે, હું કોઈ પણ સ્થિતિમાં ભાગીશ તો નહીં જ .રશિયા-યુક્રેન વચ્ચે યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદામીર જેલેંસ્કીએ દેશ છોડીને ભાગવાના સમાચાર સામે આવ્યા હતા. ત્યાર બાદ રાષ્ટ્રપતિએ એક વીડિયો સંદેશ જારી કરીને જણાવ્યુ હતું કે, તે પોતાના દેશ યુક્રેનમાં જ છે.હકીકતમાં જોઈએ તો, અમેરિકા તરફથી યુક્રેનના રાષ્ટ્રપતિને ઓફર મળી હતી કે, તે દેશ છોડીને આવી શકે છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં આ વાતનો ઈક્રાર કર્યો છે. તેમનું કહેવું છે કે, હું ભાગનારા લોકોમાંથી નથી. આપે મારી મદદ કરવી છે, તો મને હથિયાર આપો. દારૂગોળા આપો.

રશિયાના હુમલાથી યુક્રેનની તસ્વીર બદલી નાખી છે. સ્થિતિ એવી છે કે, યુક્રેન અન્ય દેશોની મદદની આશા રાખીને બેઠું છે. આ જ ક્રમમાં સ્વીડન તેની મદદ માટે આગળ આવ્યું છે. ત્યાર બાદ યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર જેલેંસ્કીએ સ્વીડનનો આભાર વ્યક્ત કર્યો હતો. તો વળી જેલેંસ્કીએ એક ટ્વિટમાં લખ્યું છે કે, સ્વીડન યુક્રેનને સૈન્ય, ટેકનિક અને માનવીય સહાયતા આપશે. પ્રભાવી સમર્થન માટે સ્વીડનના પ્રધાનમંત્રીનો આભાર. અમે એક સાથે પુતિન વિરોધી ગઠબંધન નિર્માણ કરી રહ્યા છીએ.જો કે, આ અગાઉ જેલેંસ્કીએ ભાવુક ટ્વિટ કરતા જણાવ્યું હતું કે, બધાએ અમને એકલા છોડી દીધા. રશિયાનો સૌથી પહેલો ટાર્ગેટ અને હું અને બીજા નંબરે મારો પરિવાર છે. જેલેંસ્કીએ યુક્રેની અધિકારીઓને પણ ચેતવણી આપી છે કે, રશિયા રાજધાની કીવમાં ઘૂસી ગયું છે. જેલેંસ્કીનું કહેવું છે કે, તે અને તેનો પરિવાર ગદ્દાર નથી અને યુક્રેન છોડીને ભાગશે નહીં.

## દિલ્હી, કાશ્મીર-હિમાચલમાં વરસાદ અને હિમવર્ષા

નવીદિલ્હી,તા.૨૬

ઉત્તર ભારતમાં છેલ્લા ઘણા દિવસોથી નીકળેલા તડકાનાં કારણે એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું હતું કે ટૂંક સમયમાં જ દેશમાંથી ઠંડી વિદાય લેશે, પરંતુ હવામાને ફરી એકવાર પોતાનો વળાંક બદલ્યો છે. હકીકતમાં, ગઈકાલે સાંજે દિલ્હી એનસીઆરના ઘણા ભાગોમાં ભારે વરસાદ પડ્યો હતો. આ દરમિયાન પવનની ગતિ પણ વધુ હતી, જેના કારણે ફરી એકવાર રાજધાનીમાં ઠંડીએ લોકોને પરેશાન કરવાનું શરૂ કર્યું છે.

દિલ્હીના દ્વારકા, ઉત્તમ નગર સહિત અનેક વિસ્તારોમાં ગઈકાલે રાત્રે ભારે વરસાદ સાથે કરા પડ્યા હતા. જો કે આઇએમડીએ પહેલા જ હવામાનમાં આ બદલાવનો ડર વ્યક્ત કર્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ વરસાદનું કારણ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ છે, જેના કારણે રાજધાનીના હવામાનમાં પલટો આવ્યો હતો અને શુક્રવારે સાંજે અને રાત્રે ભારે વરસાદ થયો હતો. તે જ સમયે,આઈએમડી અનુસાર, અહીં આજે એટલે કે શનિવારે હળવો વરસાદ પડી શકે છે અને દિવસ દરમિયાન ઠંડીનો અનુભવ થશે. રવિવારથી હવામાન ચોખ્ખું થશે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તર ભારતના ભાગોમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ છે, જેના કારણે આજે પંજાબ, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં હળવો વરસાદ પડી શકે છે. ઉપરાંત, આ વિક્ષેપને કારણે, દક્ષિણ-પશ્ચિમ પવનો આગળ વધશે, જેના કારણે આજે ઓડિશા અને છત્તીસગઢ અને આંધ્રપ્રદેશમાં વાદળછાયું આકાશ રહેવાની સંભાવના છે. પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતના રાજ્યો પર વાદળ છવાયેલા રહી શકે છે. જેના કારણે આગામી ૨૪ કલાક દરમિયાન અહીં હવામાન સક્રિય રહેવાની આશા છે. આ ઉપરાંત આજે દક્ષિણમાં કેરળ અને તમિલનાડુમાં પણ વરસાદ પડી શકે છે.જો આઈએમડીનું માનીએ તો વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે આજે ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. જમ્મુ-કાશ્મીરમાં શ્રીનગર, ગુલમર્ગ, કુલગામ, કાઝીગુંડ, પહેલગામથી કટરા, ઉધમપુર સહિતના સરહદી વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદની સંભાવના છે.આ સિવાય નેપાળના ઉત્તરકાશીથી લઈને અલમોડા, ઉત્તરાખંડના પિથોરાગઢ સુધીના વિસ્તારમાં વરસાદ બાદ આજે પણ ખરાબ હવામાનની સંભાવના છે. નીચાણવાળા વિસ્તારોમાં ઋષિકેશ અને હરિદ્વાર, નૈનીતાલમાં વાદળો છવાયેલા રહેશે. ગિલગિટ, બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદથી લદ્દાખમાં પણ વરસાદની આગાહી છે.

## કાશ્મીર મુદ્દે રાષ્ટ્રસંઘમાં ભારતને બચાવવા રશિયાએ અનેક વખત વીટોનો ઉપયોગ કર્યો છે

નવીદિલ્હી,તા.૨૬

રાષ્ટ્રસંઘની સલામત સમીતીની બેઠકમાં રશિયાએ યુક્રેન મુદ્દે તેની સામેના પ્રસ્તાવને વીટો કરીને ઉડાવી દીધો તે રાષ્ટ્રસંઘમાં પાંચ મહાસતાઓ છે તેને મળતા ખાસ અધિકાર છે અને તેનો આ પ્રકારના સમયે ઉપયોગ કરવામાં આવે છે. અમેરિકા, રશિયા, ચીન, બ્રિટન અને ફ્રાંસ આ પ્રકારના વીટો પાવર ધરાવે છે અને રશિયાએ ભારતની તરફેણમાં પણ અનેક વખત આ વીટોનો ઉપયોગ કર્યો છે અને ભારતને મુશ્કેલ સ્થિતિમાંથી બચાવી લીધુ છે.વીટોના ઉપયોગથી જે તે દેશ રાષ્ટ્રસંઘના કોઈપણ પ્રસ્તાવને ફગાવી શકે છે. રશિયાએ પ્રથમ વખત ૧૯૫૭માં કાશ્મીર મુદ્દે ભારત સામેના પ્રસ્તાવને વીટો કર્યો હતો. ૧૯૫૫માં રશિયાના પ્રમુખ નિકીતા ક્રુશ્ચોવ ભારત આવ્યા હતા અને તે સમયે બંને દેશોના સંબંધો ગાઢ બન્યા હતા અને તેઓએ ખાતરી આપી હતી કે, કાશ્મીર મુદ્દે જો કાંઈ તકલીફ થાય તો અમે એક સરહદ જ દૂર છીએ તેનો ઉલ્લેખ ભારત અને રશિયા વચ્ચે અફઘાનીસ્તાન અને પાકિસ્તાનની સરહદ હોવાનો જ સંકેત આપ્યો હતો અને કહ્યું હતું કે તમારે અમને ફકત કહેવાનું રહેશે.પાકિસ્તાને કાશ્મીરમાં સંયુક્ત રાષ્ટ્રસંઘનુ દળ ગોઠવવા અને લોકમત લેવાની માંગણી કરી હતી પણ રશિયાએ તે વિટોથી ફગાવી દીધી હતી. ૧૯૬૧માં પોર્ટુગલ કે જે ગોવા પર કબ્જો ધરાવતુ હતું અને ભારતે ગોવાને આઝાદ કરાવવા માટે સૈન્યનો ઉપયોગ કર્યો. પોર્ટુગલ ખસવા તૈયાર ન હતું તે સમયે ક્રુશ્ચોવ એ તે સમયના વડાપ્રધાન જવાહરલાલ નહેરુને એક ટેલીગ્રામ મોકલીને ભારતને સૈન્ય તાકાતનો ઉપયોગ કરવાની છૂટ આપી હતી અને આ મુદો જયારે રાષ્ટ્રસંઘમાં ગયો અને પોર્ટુગલે એવી દરખાસ્ત કરી કે ભારતે ગોવામાંથી સૈન્ય પાછુ ખેંચી લેવુ જોઈએ.

અમેરિકા, બ્રિટન અને ફ્રાંસે પણ તેને ટેકો આપ્યો હતો પરંતુ રશિયાએ વીટો વાપરીને આ દરખાસ્ત ઉડાવી દીધી હતી અને તે દિવસથી ગોવા ભારતમાં ભળી ગયું હતું. ૧૯૬૧માં ભારતની તરફેણમાં રશિયાએ વીટો વાપયો તે તેનો ૯૯મો વીટો હતો અને ૧૦૦મો વીટો પણ ભારતની તરફેણમાં ઉપયોગ કર્યો હતો જયારે આઈરીશ ઠરાવમાં સંયુક્ત રાષ્ટ્રસંઘે કાશ્મીર મુદ્દે ભારત અને પાકિસ્તાન બંનેને એકબીજા સાથે વાટાઘાટ પર આવવા અને કાશ્મીરને વિવાદાસ્પદ મુદો તરીકે સ્વીકારવાનો પ્રસ્તાવ મુકયો ત્યારે પણ રશિયાએ ભારતને બચાવ્યું હતું.અમેરિકા, બ્રિટન, ફ્રાંસ અને ચીન આ તમામ ભારતના વિરુદ્ધમાં હતા અને રશિયાએ વીટોનો ઉપયોગ કરીને ભારત માટે સરળ સ્થિતિ સર્જી હતી. ૧૯૬૨માં જયારે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું તો પાકિસ્તાનના વિદેશ મંત્રી જુલ્ફીકાર અલી ભુટ્ટોએ સંયુક્ત રાષ્ટ્રસંઘમાં કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો હતો અને ભારતે તે સમયે વોકઆઉટ કર્યો હતો.

## ઉત્તરાખંડ ચુંટણી : ભાજપની જીત માટે મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી મંદિર મંદિર ફરી રહ્યાં છે

નૈનીતાલ,તા.૨૬

વિધાનસભા ચુંટણી માટે મતદાન થયા બાદ મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી ભાજપની જીત અને પ્રદેશની ખુશહાલી માટે મંદિરોમાં પુજા અર્ચના કરી રહ્યાં છે.સવારે લગભગ નવ વાગે મુખ્યમંત્રી ભવાલીની નજીક ઘોડાખાલના ગોલ્જયુ મંદિરમાં પુજા કરી હતી અને સવારે લગભગ ૧૦ કલાકે નૈનીતાલ પહોંચ્યા હતાં.આ પહેલા તલ્લીતાલ ખાતે પાષાણ દેવી મંદિર અને ત્યારબાદ મલ્લીતાલ ખાતે નૈના દેવી મંદિરમાં પુજા અર્ચના કરી હતી.



નૈનીતાલ બાદ ધામીએ કાંશીપુર જઈ કુંડેશ્વરી રોડ ખાતે સાઈ ધામ મંદિરમાં વિધિવત પુજા અર્ચના કરી હતી.વિધાનસભા ચુંટણી માટે મતદાન પુરૂ થયા બાદ રાજનીતિના જાણકારો પ્રદેશમાં ભાજપ અને કોગ્રેસની વચ્ચે આ વખતે સખ્ત ટકકર હોવાનું જણાવી રહ્યાં છે. કોંગ્રેસના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી હરીશ સતત પોતાની સક્રિયતા વધારી રહ્યાં છે ત્યાં ભાજપમાં મુખ્યમંત્રી ધામી સતત અલગ અલગ સ્થાનોનો પ્રવાસ કરી રહ્યાં છે.

ભાજપની જીત માટે મંદિરોમાં પુજા પાઠનો દૌર પણ જારી છે. નૈનીતાલ પહોંચેલા મુખ્યમંત્રી ધામીએ અનેક મંદિરોમાં પુજા અર્ચના કરતા આ પુજાસ્થાનો પર ખુબ સમય વિતાવ્યો તેમણે કાર્યકર્તાઓને ફક્ત મંદિરમાં જ મુલાકાત આપી હતી.નૈનીતાલના નૈના દેવી મંદિરમાં પુજારી બસંત વલ્લભ પાંડેએ ધામીને વિશેષ પુજા અર્ચના કરાવી.આ દરમિયાન મુખ્યમંત્રીએ ભાજપની જીતની સાથે પ્રદેશની ખુશહાલીની કામના કરી હતી.મુખ્યમંત્રી ધામીએ બપોરે કાશીપુર પહોંચી કુંડેશ્વરી રોડ ખાતે સાઈ ધામ મંદિરમાં ચંપાવત ધારાસભ્ય અને મંદિર સંસ્થાપક કૈલાશ ગહતોડીની સાથે પુજા અર્ચના કરી મુખ્યમંત્રીએ કહ્યું કે આ એક સાધારણ કાર્યક્રમ છે કારણ કે ચુંટણી સંપન્ન થઈ ચુકી છે સાઈ બાબાની મહેરબાનીથી ઉત્તરાખંડમાં વિધાનસભા ચુંટણી અવરોધ વિના સંપન્ન થઈ છે.બાબાની મહેરબાની બધા પર બની રહે આપણો દેશ અને પ્રદેશનો વિકાસ થતો રહે

નૈનીતાલ પહોંચેલા મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ દાવો કર્યો કે ભાજપમાં કોઈ પણ ભિતરઘાત થયો નથી તેમણે ભિતરઘાતને લઈ આવી રહેલ નેતાઓના નિવેદનોને ફગાવી દીધા હતાં અને કહ્યું કે ભાજપના નિષ્ઠાવાન કાર્યકર્તાઓની પાર્ટી છે.સંગઠનાત્મક રીતે ખુબ મજબુત અને વિશ્વની સૌથી મોટી પાર્ટી છે.મોટા પરિવારમાં આંશિક મતભેદ હોઈ શકે છે પરંતુ મનભેદ નહીં પાર્ટીમાં ભિતરઘાતની કોઈ સંભાવના નથી

ધામીએ કહ્યું કે ભાજપ પૂર્ણ બહુમતિની સાથે પ્રદેશમાં સરકાર બનાવવા જઇ રહી છે.ચુંટણીમાં પોતાની હાર જોઇ હરીશ રાવત ખાનગી રીતે અને ફેસ સેવિંગ માટે પારદર્શી ચુંટણી વ્યવસ્થા પર ખોટી નિવેદનબાજી કરી રહ્યાં છે.હરીશ રાવત કોઇ પણ રીતે બસ ચર્ચામાં બની રહેવા ઇચ્છે.ધામીએ કહ્યું કે નવી સરકાર બનતા જ ભૂ કાનુનની દિશામાં પગલુ ઉઠાવવામાં આવશે પોલીસના ગ્રેડ પેના સવાલ પર કહ્યું કે સરકાર બનાવ્યા બાદ એક મહીનામાં તેનો ઉકેલ કાઢવામાં આવશે.તેમણે કહ્યું કે ચુંટણી પંચની દેખરેખમાં નિષ્પક્ષ પારદર્શી અને શાંતિપૂર્ણ ચુંટણી થઇ છે. અને તેના પરિણામ ૧૦ માર્ચે આવી જશે તેટલે વિરોધ પક્ષોને જવાબ મળી જશે

## છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ હજારથી ઓછા નવા કેસ, ૨૫૫ દર્દીઓના મોત

નવીદિલ્હી,તા.૨૬

દેશમાં કોરોનાનાં કેસમાં સતત ઘટાડો નોંધાય રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૧,૪૯૯ નવા કેસ સામે આવ્યા અને ૨૫૫ દર્દીઓના મોત થયા. આ દરમિયાન ૨૩,૫૯૮ લોકો સાજા થયા હતા. જેના કારણે અત્યાર સુધીમાં સાજા થનારા લોકોની સંખ્યા વધીને ૪,૨૨,૭૦,૪૮૨ થઈ ગઈ છે. પુનઃપ્રાપ્તિ દર ૯૮.૫૨% છે. હાલમાં, ૦.૨૮%ના દર સાથે ૧,૨૧,૮૮૧ સક્રિય કેસ છે.હાલમાં, દેશમાં દૈનિક હકારાત્મકતા દર ૧.૦૧% છે અને સાપ્તાહિક હકારાત્મકતા દર ૧.૩૬% છે. ગુરુવારે દેશભરમાં ૧૧,૩૬,૧૩૩ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

## ૫ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી વચ્ચે રૂ. ૧૦૦૦ કરોડથી વધુ જપ્ત કરવામાં આવ્યા



### પંજાબ રૂ. ૫૧૦ કરોડ સાથે ટોચ પર

નવીદિલ્હી,તા.૨૬

ચૂંટણી પંચે કહ્યું કે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, મણિપુર અને ગોવામાં વિધાનસભા ચૂંટણી દરમિયાન ૧,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમ જપ્ત કરવામાં આવી છે. અમલીકરણ એજન્સીઓની સક્રિય સંડોવણીને કારણે, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, મણિપુર અને ગોવા રાજ્યોમાં ચાલી રહેલી વિધાનસભા ચૂંટણી ૨૦૨૨માં જપ્તીનો આંકડો રૂ. ૧૦૦૦ કરોડને પાર કરી ગયો છે.ચૂંટણી પંચે મોનિટરિંગ પ્રક્રિયા દ્વારા ચૂંટણીમાં મની પાવરના જોખમને રોકવા માટેના કમિશનના પ્રયાસો પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, પંજાબમાં સૌથી વધુ રૂ. ૫૧૦.૯૧ કરોડની જપ્તી કરવામાં આવી છે, જે પાંચ ચૂંટણી-ચૂંટણીવાળા રાજ્યોમાં ટોચ પર છે. તે પછી ઉત્તર પ્રદેશ (રૂ. ૩૦૭.૯૨ કરોડ) અને મણિપુર (રૂ. ૧૬૭.૮૩ કરોડ) આવે છે. ઉત્તરાખંડમાં ચૂંટણી દરમિયાન ૧૮.૮૧ રૂપિયા અને ગોવામાં ૧૨.૭૩ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા હતા.

કુલ રૂ. ૧૦૧૮.૨૦ની જપ્તીમાં રૂ. ૧૪૦.૨૯ કરોડની રોકડ, રૂ. ૯૯.૮૪ કરોડ (૮૨,૦૭,૨૨૧ લીટરની કિંમતનો દારૂ), રૂ. ૫૬૯.૫૨ કરોડની દવાઓ, રૂ. ૧૧૫.૦૫ કરોડની કિંમતી ધાતુઓ અને રૂ. ૯૩.૫ કરોડની અન્ય વસ્તુઓનો સમાવેશ થાય છે. પંજાબમાંથી જ ૩૭૬.૧૯ કરોડ રૂપિયાનો નશો મળી આવ્યો હતો. ચૂંટણી પંચે સીબીડીટી, સીબીઆઈસી, એનસીબી, આબકારી અને સીમાવર્તી રાજ્યોના વરિષ્ઠ અધિકારીઓ જેવી અમલીકરણ એજન્સીઓના વડાઓ સાથે ચૂંટણી-બાઉન્ડ રાજ્યોમાં ‘પ્રલોભન-મુક્ત’ ચૂંટણીઓ સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણ રોડમેપ માટે ઘણી બેઠકો યોજી હતી.

## તંત્રી સ્થાનેથી...

## અર્થવ્યવસ્થામાં સુધારો



યુક્રેન સંકટ અને મધ્ય-પૂર્વની હાલની ઘટનાઓ તથા વૈશ્વિક પૂરવઠા શૃંખલામાં અવરોધથી ભારતીય અર્થવ્યવસ્થા પણ પ્રભાવિત થઈ શકે છે, પરંતુ સંતોષજનક આર્થિક વૃદ્ધિની આશા બની જ છે. પ્રતિષ્ઠિત નાણાંકીય સંસ્થા બારક્લેઝે વર્તમાન નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ના ત્રીજા ત્રિમાસિક (ઓક્ટોબર-ડિસેમ્બર)માં ભારતના સકલ ઘરેલુ ઉત્પાદન (જીડીપી)નો વૃદ્ધિ દર ૬.૬ ટકા તથા આખા વર્ષનો વિકાસ દર ૧૦ ટકા રહેવાનું અનુમાન લગાવ્યું છે. સરકાર તરફથી ડિસેમ્બર ત્રિમાસિકના આંકડા ૨૮ ફેબ્રુઆરીએ જારી કરવામાં આવશે. આ અનુમાનનો મુખ્ય આધાર એ છે કે પ્રથમ બે ત્રિમાસિકની તુલનામાં ઓક્ટોબરથી ડિસેમ્બર વચ્ચે અર્થવ્યવસ્થામાં સ્થિરતા રહી. એપ્રિલથી સપ્ટેમ્બરની અવધિમાં ભારત કોરોના મહામારીની બીજી લહેર સામે ઝઝૂમી રહ્યું હતું. મહામારીના પહેલા વર્ષના અનુભવોના આધાર પર સતત એ કોશિશ થઈ રહી હતી કે આર્થિક ગતિવિધિઓને યથાસંભવ સુચારુ રૂપે જારી રાખવામાં આવે, જોકે ત્રીજી ત્રિમાસિકમાં કોરોના વાયરસના નવા વેરિયન્ટ ઓમિક્રોને આપણી ચિંતાઓ વધારી દીધી હતી, પરંતુ તહેવારોના મોસમમાં બજારમાં માંગ વધવાથી અર્થવ્યવસ્થાને મજબૂતી મળી. આ કારણે અનેક ક્ષેત્રોમાં ગતિવિધિઓ મહામારી પહેલાંના સ્તરે આવી ગઈ.

નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨નો વાર્ષિક વૃદ્ધિ દર ૧૦ ટકા રહેવાનું અનુમાન લગાવતાં બારક્લેઝે એમ પણ કહ્યું કે ઓમિક્રોન વાયરસની અસર જાન્યુઆરીમાં પણ યથાવત રહી હતી, તેથી ચોથી ત્રિમાસિકના દર પર અસર પડી શકે છે, જોકે ઉત્પાદન સ્તર, પ્રત્યક્ષ વિદેશી રોકાણ અને આયાત-નિકાસ વધવાથી એ ભરોસો પણ મજબૂત થયો છે કે ભલે ચોથી ત્રિમાસિકમાં વૃદ્ધિ દર અપેક્ષા કરતાં ઘટી જાય, પરંતુ આગામી નાણાંકીય વર્ષ માટે ઠોસ આધાર આ વર્ષે તૈયાર થઈ જશે. તેલની કિંમતો વધવા અને ફુગાવાના પડકાર પર સરકાર અને રિઝર્વ બેંકની નજર છે. બજેટમાં નાણાંમંત્રી નિર્મલા સીતારમને ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઉત્પાદન અને નિકાસ વધારવાને પ્રાથમિકતામાં રાખ્યા. તેનાથી રોકાણકારો અને બજારનો ભરોસો વધ્યો છે. હાલના નાણાંકીય વર્ષમાં વૃદ્ધિ દરમાં ઉતાર-ચડાવ પણ રિઝર્વ બેંકની નજર હેઠળ છે. તેથી રિઝર્વ બેંકે વિકાસ દર ૯.૨ ટકા રહેવાનું સંતુલિત અનુમાન લગાવ્યું છે. સરકારની આશા પણ એ જ છે જે આર્થિક સમીક્ષામાં વ્યક્ત કરવામાં આવી હતી. આર્થિક સમીક્ષામાં રેખાંકિત કરવામાં આવ્યું હતું કે ઔદ્યોગિક ક્ષેત્રમાં ૧૧.૨ ટકા તથા સેવા ક્ષેત્રમાં ૮.૨ ટકા વૃદ્ધિ સંભાવિત છે. કૃષિ ક્ષેત્રમાં વાર્ષિક વિકાસ દર ૩.૯ ટકા રહેવાની આશા છે. દેશ-વિદેશની વિભિન્ન એજન્સીઓનું પણ માનવું છે કે આ વર્ષે જીડીપીનો દર ૯ થી ૧૦ ટકાની વચ્ચે રહી શકે છે. ઉલ્લેખનીય છે કે બીજા ત્રિમાસિક (જુલાઇ-સપ્ટેમ્બર)માં વૃદ્ધિ દર ૮.૪ ટકા રહ્યો હતો, જે દુનિયાના અધિકતમ વિકાસ દરોમાં હતો. જો વૈશ્વિક રાજકારણ અને અર્થવ્યવસ્થામાં મોટી ઉથલપાથલ ન થાય, તો આગામી વર્ષ સુધી આપણી અર્થવ્યવસ્થા સંપૂર્ણ રીતે પાટા પર આવી જશે.

# Russian invasion of Ukraine places India`s PM Modi in a land of conflict, an uncharted territory!

"Prime Minister Narendra Modi by virtue of his position would be in the hot seat of the UN Security Council at this crucial period. The Russian expects him to take side with them while China, a permanent member has hardenedits strong anti-Western position, denouncing the Western actions, calling the United States "the culprit of current tensions surrounding Ukraine". For India, it would be a tough decision to avoid taking sides!"

Writes Buddhdev Pandya MBE 25th February 2022.

The Russo-Ukrainian War is an ongoing armed conflict that began in February 2014, primarily involving Russia and pro-Russian forces on one hand, and Ukraine on the other. The conflict initially centred on the status of Crimea and parts of the Donbas, which are internationally recognised as part of Ukraine.

In February 2022, the Russian troops advanced into Ukraine`s capital Kyiv from several directions. It is a devastating attack on Ukraine by air, land, and sea was launched on a European democracy of 44 million people.

President Vladimir Putin of Russia has claimed that his goal was to protect people subjected to bullying and genocide and aim for the "demilitarisation and de-Nazification" of Ukraine. His critics say that there has been no genocide in Ukraine: it is a vibrant democracy, led by a president who is Jewish.

Many in the international community feel that this would shatter peace in Europe and next could jeopardise the continent's entire security structure.Putin declaredthat Russia could not feel "safe, develop and exist" because of what he claimed was a constant threat from modern Ukraine.

At the end of January 2022, as the weeks of heightened tensions around Ukraine increased with reports that Russia has been deploying more than 100,000 troops and heavy weapons close to its border, the United Nations` Security Council held its first meªing to discuss ways of de-escalating the crisis.

Addressing ambassadors, the UN political affairs chief reiterated the UN Secrªary-General`s appeal that "there can be no alternative to diplomacy and dialogue". Under-Secrªary-General for Political and Peacebuilding Affairs, Rosemary A. DiCarlo said that any incursion by one State on another`s territory, would be against international law and the United Nations Charter.

She also highlighted the "complex and long-standing security concerns and repeated that any military intervention involving Russia, or NATO alliance forces which are also now on high alert, must be averted.

India currently holds the chairof the United Nations Security Council for term of two years. Prime Minister Narendra Modi by virtue of his position would be in the hot seat at this crucial period.

Torn bªween the foreign policy of India and the obligation as a Chair of this United Nations Security Council that has the commitment under the UN Charter with primary responsibilityfor the maintenance of international peace and security. The Security Council will have to dªermine when and where a UN peace operation should be deployed when relevant.

Hon Modi also will be under enormous pressure from the main paramagnª members which includes the Russians, Americans and Chinese. In recent years India has developed much closure trade and other relationship with Russia while antagonising the American`s new Biden administration. Mr Modi, in some ways is in a fix because he needs Russian support of to tackle some of the economic and development crisis.

The UN Security Council is scheduled to vote a draft resolution on Russia's military operation in Ukraine as well as the escalating situation in the eastern European country.But the history indicates that the 'big players`, particular the USA pulls a huge influence where Indian could not afford to upsª Americans.

Russia said it expects support from India at the UN Security Council when the global body takes up a crucial resolution on the Russian. In a political diplomacy the sound bites of maintaining peace and at the same time expressing sympathy to the victims of the conflict is mª by the standard responses, "We highly appreciate India's deep understanding of the current situation as well as the reasons that led to it. We expect India to support Russia" views expressed by Babushkin at the at the UN Security Council.

It is expected that Russia would risk on their calling card to influence India and Mr Modi as a way of demanding favour for continued support from New Delhi in sync with the special and privileged strategic partnership bªween the two countries.

In any case, the tone of debate and responses by the Security Council are a matter of those most powerful who eventually make larger contribution to the United Nation and maintenance of its peacekeeping forces.

The first reaction from the Chinse indicates possible support for the Russians. China`s line on Russian aggression toward Ukraine appears to have hardened into a strong anti-Western position—at least for the moment.

At a press conference, Hua Chunying, a Chinese Ministry of Foreign Affairsspokesperson denounced Western actions—she called the United States "the culprit of current tensions surrounding Ukraine"—and seemed to tacitly support Russia.

The Chinese have occupied India`s some controversial land areas in recent years. The Chinese have formally built alliances with its hostile neighbour Pakistan and others such a Nepal and Sri Lanka.

Yª, under PM Modi`s administration China has become a valuable trading partner of India. It is allowed to invest heavily into India`s infrastructure initiatives under the freedom of FDI and privatisation. India faced a huge trade deficit with China since many of its manufacturing and consumer products are imported from China.

On the domestic front PM Modi faces a real crisis of economy slowdown and high unemployment, facing credibility challenge in the local crucial assembly elections. ?

# યુક્રેનમાં સરહદી ચેકપોસ્ટ પર સ્થિતિ સારી નથી, જાણ કર્યા વિના ન જશો; નવી એડવાઈઝરી

નવીદિલ્હી,તા.૨૬

યુક્રેન પર રશિયાના હુમલા બાદ ત્યાં ફસાયેલા ભારતીય નાગરિકોને કાઢવાના પ્રયાસો વચ્ચે ભારતીય દૂતાવાસે નવી એડવાઈઝરી જાહેર કરી છે. દૂતાવાસે નાગરિકોને તેના અધિકારીઓની સાથે સમન્વય વગર સરહદ ચોકીઓ પર ન જવાનું તહ્યું છે. એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું- સરહદ તપાસ ચોંકીઓ પર સ્થિતિ સંવેદનશીલ છે. ભારતીય નાગરિકોને કાઢવા માટે અમે પાડોશી દેશોમાં અમારા રાજદૂત સાથે કામ કરી રહ્યાં છીએ.

ભારતીય દૂતાવાસે કહ્યું- અમારા માટે તે ભારતીયોને કાઢવા મુશ્કેલ થઈ રહ્યાં છે જે સૂચના આપ્યા વગર સરહદ તપાસ ચોકીઓ પર પહોંચી ગયા છે. જે ભારતીય નાગરિક પૂર્વી ક્ષેત્રમાં છે, તેને આગામી નિર્દેશ સુધી પોતાના નિવાસસ્થાન પર રહેવાની વિનંતી કરવામાં આવે છે. ભારતીય નાગરિક બિનજરૂરી ગતિવિધિથી બચે, સાવચેતી રાખે, પોતાની આસપાસની ઘટનાઓ અને સ્થિતિના ઘટનાક્રમને લઈને એલર્ટ રહે. તો એર ઈન્ડિયાનું એક વિમાન યુક્રેનમાં ફસાયેલા ભારતીયોને સ્વદેશ લાવવા માટે રોમાનિયાની રાજધાની બુખારેસ્ટ માટે શનિવારે સવારે નિકળી ગયું છે. વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું કે, ઉડાન સંખ્યા એઆઈ૧૯૪૩ વહેલી સવારે મુંબઈ એરપોર્ટથી રવાના થઈ છે.

અધિકારીઓએ જણાવ્યું કે જે ભારતીય નાગરિકો યુક્રેન-રોમાનિયા બોર્ડર પર રોડ માર્ગે પહોંચી ગયા છે તેઓને ભારત સરકારના અધિકારીઓ બુકારેસ્ટ લઈ જશે જેથી કરીને તેમને એર ઈન્ડિયાની ફ્લાઈટ્સ દ્વારા ઘરે લાવી શકાય. યુક્રેનમાં હાલમાં લગભગ ૨૦,૦૦૦ ભારતીયો ફસાયેલા છે, જેમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ છે.

યુક્રેનિયન એરસ્પેસ બંધ કરતા પહેલા, એર ઈન્ડિયાએ ૨૨ ફેબ્રુઆરીએ યુક્રેનની રાજધાની કિવ માટે એક વિમાન મોકલ્યું હતું જેમાં ૨૪૦ લોકોને ભારત પરત લાવવામાં આવ્યા હતા.

તેણે ૨૪ અને ૨૬ ફેબ્રુઆરીના રોજ વધુ બે ફ્લાઈટ્સ ચલાવવાની યોજના બનાવી હતી, પરંતુ રશિયાએ ૨૪ ફેબ્રુઆરીએ આક્રમણ શરૂ કર્યું અને ત્યારબાદ યુક્રેનિયન એરસ્પેસ બંધ કરી દેવાને કારણે આ થઈ શક્યું નહીં.

### વાયદા બજાર પર સોનું રૂ.૧,૧૫૧ અને ચાંદી રૂ.૨,૧૭૦ ઊછળ્યાઃ ક્રૂડ તેલમાં રૂ.૫૪૮ની વૃદ્ધિ

# બુલડેક્સ વાયદામાં ૯૦૧ પોઈન્ટમેટલડેક્સ વાયદામાં ૧૨૦૨ પોઈન્ટ અને એનર્જી ઈન્ડેક્સ વાયદામાં ૧૦૨૮ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧૮થી ૨૪ ફેબ્રુઆરીના સપ્તાહ દરમિયાન ૨,૪૧૭,૯૦૧ સોદાઓમાં કુલ રૂ.૨૦૪,૮૭૦.૦૫ કરોડનું ટર્નઓવર નોંધાયંદ હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના માર્ચ વાયદામાં ૯૦૧ પોઈન્ટ, બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના માર્ચ વાયદામાં ૧૨૦૨ પોઈન્ટ અને ઊર્જા સૂચકાંક એનર્જી ઈન્ડેક્સના માર્ચ વાયદામાં ૧૦૨૮ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

વિશ્વબજારમાં રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધના પગલે સોનાના ભાવ ઊછળીને ઐતિહાસિક સપાટીએ પહોંચ્યા હતા. સોના પાછળ ચાંદી તથા અન્ય કીમતી ધાતુઓમાં પણ વિક્રમી ઉછાળા જોવાયા હતા. સપ્તાહના અંતે વિશ્વબજારમાં સોનું ઔંશદીઠ ઊપરમાં ૧૯૭૦ ડોલર અને ચાંદી ઔંશદીઠ રૂ.૨૫.૩૦ ડોલર બોલાતા હતા. વિશ્વબજાર પાછળ ઘરેલૂ હાજર બજારમાં અમદાવાદ ખાતે હાજર બજારમાં સોનાનો ભાવ ૧૦ ગ્રામદીઠ ૯૯.૫૦ના રૂ.૫૩,૮૦૦ અને ૯૯.૯૦ના રૂ.૫૪,૦૦૦ તેમ જ ચાંદી હાજરનો ભાવ કિલોદીઠ રૂ.૬૭૦૦૦ના સ્તરે, જ્યારે મુંબઈ ખાતે હાજર બજારમાં સોનાનો ભાવ ૧૦ ગ્રામદીઠ ૯૯.૫૦ના જીએસટી વગર રૂ.૫૨,૩૩૦ અને ૯૯.૯૦ના જીએસટી વગર રૂ.૫૨,૫૪૦ તેમ જ મુંબઈ હાજર ચાંદી કિલોદીઠ જીએસટી વગર રૂ.૬૮,૧૪૯ના સ્તરે બોલાતા હોવાનું હાજર બજારના સૂત્રોએ જણાવ્યું હતું.

ઘરેલુ વાયદા બજારની વાત કરીએ તો, એમસીએક્સ પર કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં ૯૯૯,૯૯૯ સોદાઓમાં કુલ રૂ.૫૮,૧૫૫.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૦,૧૭૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૨,૭૯૭ અને નીચામાં રૂ.૪૯,૭૬૪ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૧૫૧ ઊછળી રૂ.૫૧,૫૪૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧,૨૫૮ વધી રૂ.૪૧,૨૦૩ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૩૩ વધી રૂ.૫,૧૦૭ના ભાવે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૩,૭૭૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૮,૦૯૭ અને નીચામાં રૂ.૬૩,૨૭૧ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨૧૭૦ના ઉછાળા સાથે રૂ.૬૬,૦૩૧ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨૫૩૮ વધી રૂ.૬૬,૫૫૦ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨,૪૩૬ વધી રૂ.૬૬,૪૩૪ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૬૦૧,૯૪૨ સોદાઓમાં કુલ રૂ.૫૦,૮૮૭.૦૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૬,૭૨૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭,૬૧૭ અને નીચામાં રૂ.૬,૫૪૬ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૫૪૮ના ભાવવધારા સાથે રૂ.૭,૨૭૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૧.૮૦ વધી રૂ.૩૬૦.૮૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૪,૮૬૯ સોદાઓમાં રૂ.૧,૯૯૬.૪૬ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૧,૯૯૦ બંધ થયો હતો. કોટનના વાયદા ગાંસડીદીઠ રૂ.૪૮૦થી રૂ.૧,૧૬૦ની રેન્જમાં ગબડ્યા હતા. કોટન ફેબ્રુઆરી વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૭,૬૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૭,૮૨૦ અને નીચામાં રૂ.૩૬,૩૪૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૪૮૦ના ભાવઘટાડા સાથે રૂ.૩૭,૦૭૦ના સ્તરે પહોંચ્યો હતો. રબર ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૩૯૭ના ભાવે ખૂલી, રૂ.૨૪ ઘટી રૂ.૧૬૧૭૫ બંધ થયો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૭.૯૦ વધી રૂ.૯૭૦ થયો હતો.

કામકાજની દ્દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૨૨૩,૧૪૮ સોદાઓમાં રૂ.૨૮,૫૬૩.૯૨ કરોડનાં ૫૬,૧૬૫.૫૮૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૭૭૬,૮૫૧ સોદાઓમાં કુલ રૂ.૨૯,૫૯૧.૮૨ કરોડનાં ૪,૫૧૭.૪૬૦ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૮૪,૦૩૯ સોદાઓમાં રૂ.૩૦,૮૯૦.૪૬ કરોડનાં ૪૪,૦૧૪,૨૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૩૧૭,૯૦૩ સોદાઓમાં રૂ.૧૯,૯૯૭ કરોડનાં ૫૭૪૯૩૦૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૧૨,૭૮૩ સોદાઓમાં રૂ.૧,૯૧૫.૭૧ કરોડનાં ૫૧૪૭૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૧,૯૯૨ સોદાઓમાં રૂ.૭૮.૭૦ કરોડનાં ૮૧૩.૯૬ ટન, રબરના વાયદાઓમાં ૮૨ સોદાઓમાં રૂ.૧.૩૫ કરોડનાં ૮૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૩૫૬.૯૨૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૩૮૮.૦૮૯ ટન, ક્રૂડ તેલમાં ૭૭૦૧૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૭૩૫૬૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૨૦૩૪૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૩૩૫.૫૨ ટન, રબરમાં ૭૩ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૨૧૯૭૫ સોદાઓમાં રૂ.૨,૦૦૭.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૯,૬૫૩ સોદાઓમાં રૂ.૭૫૯.૫૨ કરોડનાં ૧૦,૨૩૯ લોટ્સ, મેટલડેક્સ વાયદામાં ૯,૭૪૯ સોદાઓમાં રૂ.૧,૦૦૯.૫૮ કરોડનાં ૧૦,૬૪૬ લોટ્સ અને એનર્જીડેક્સ વાયદામાં ૨,૫૭૩ સોદાઓમાં રૂ.૨૩૮.૩૩ કરોડનાં ૨,૭૦૧ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે બુલડેક્સ વાયદામાં ૫૧૮ લોટ્સ, મેટલડેક્સ વાયદામાં ૮૩૨ લોટ્સ અને એનર્જીડેક્સ વાયદામાં ૧૯૧ લોટ્સના સ્તરે રહ્યો હતો. એનર્જીડેક્સ માર્ચ વાયદો ૬,૮૧૮ના સ્તરે ખૂલી, ઊપરમાં ૭,૭૦૯ અને નીચામાં ૬,૬૮૧ના સ્તરને સ્પર્શી, ૧૦૨૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૫૯૬ પોઈન્ટ વધી ૭,૪૦૪ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે બુલડેક્સ માર્ચ વાયદો ૧૪,૬૩૨ના સ્તરે ખૂલી, ૯૦૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૧૯ પોઈન્ટ વધી ૧૫,૦૮૨ના સ્તરે અને મેટલડેક્સમાર્ચ વાયદો ૧૮,૭૫૫ના સ્તરે ખૂલી, ૧૨૦૨ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૩૦૩ પોઈન્ટ વધી ૧૯૦૩૫ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૬૨૦૫૦૭ સોદાઓમાં રૂ.૫૮,૧૧૫.૨૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪,૬૫૫.૦૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૯૮૧.૫૫ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૫,૪૨૪.૧૩ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬,૦૪૫.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ



NOG SS 0089

પ્રવિણા અવિનાશ

વિષય જીવન સફરના અનુભવ
શીર્ષક મૌનં પરં ભૂષણં
ગદ્ય

સંન્યાસ આશ્રમ માં પ્રવેશ પામ્યા પછી જ્યારે ભૂતકાળમાં લટાર મારું છું ત્યારે ઘણી ખાટીમીઠી યાદ આવે છે. પલભરમાં વિદાય પણ લે છે. હવે એ યાદ કરવાનો કોઈ ફાયદો નથી. બાકીનું જીવન નિર્લેપ , અકિંચન અને અનાસક્તિ કેળવવામાં પ્રવૃત્ત રહેવું સ્વીકાર્યું છે.

૮૦ ના દાયકામાં " ગુજરાતી સમાજ" માં કાર્ય રત હતી.

૯૦ ના દાયકામાં "વોઈસ ઓફ સનાતન હિંદુઇઝમ"

રેડિયો કાર્યક્રમ માં લગભગ ૧૨ વર્ષ સેવા આપી. મનપસંદ કામ હતું . મિત્ર સાથે આનંદ પૂર્વક સમય ગુજાર્યો . પણ કાવાદાવાથી હંમેશા અંતર રાખ્યું હતું . આજની તારીખમાં પણ હ્યુસટન યાદ કરે છે. કોઈ પણ કાર્ય નામ અથવા પ્રસિદ્ધિ માટે કરતી ન હતી. હંમેશા દિલનો અવાજ સાંભળતી.

કોઈ પણ કાર્ય સ્વયં સેવક તરીકે કરીએ ત્યારે એકબીજા પ્રત્યે આદર હોવો આવશ્યક છે. જ્યારે એ ગાયબ થાય ત્યારે હળવેથી નિકળી જવું . આજે મુડદા ઉખેડી ઘા તાજા કરવાનો કોઈ મતલબ નથી.

"મૌનં પરં ભૂષણં "

નામના અને લક્ષ્મી થી સો જોજન દૂર રહેવું પસંદ છે.

૨૧મી સદીમાં "ગુજરાતી સાહિત્ય સરિતા " ની સ્થાપનામાં સક્રિય ફાળો આપ્યો. ગમતો વિષય અને સરખી પસંદવાળા વ્યક્તિ સાથે મૈત્રી કેળવી.

ઉમંગ અને દિલથી સેવા આપી. જ્યારે ત્યાં પણ કાવાદાવા પ્રવેશ્યા એટલે દૂરી બનાવી.

લેખન પ્રવૃત્તિને વેગ મળ્યો . ખૂબ જાણવા અને શિખવા મળ્યું .

બોલીને બગાડવામાં ફાયદો નથી. જીભમાં હાડકું નથી એ જગજાહેર છે.

અંતમાં સેવાના કાર્યમાં પ્રવૃત્ત છું. હરિભજન અને કીર્તન લખવા તેમજ ગાવા ગમે છે. "યોગ" ના વર્ગ ચલાવી સમાજ સેવા કરવાની તક સાંપડી છે.

ઈશ્વર ની કૃપા રહે, પ્રાર્થના .

# વડોદરામાં ભાજપના કોર્પોરેટરનું મોટું કારસ્તાન, એકલા વૃદ્ધની પ્રોપર્ટી પોતાના નામે લખાવી લીધી

વડોદરામાં ભાજપના કોર્પોરેટર પર ગંભીર આરોપ કરવામાં આવ્યા છે. છાયા ખરાદી પર વૃદ્ધને હોસ્પિટલનું કહી વસિયતનામામાં વારસદાર તરીકે પોતાની પુત્રીનું નામ ઉમર્યાના ગંભીર આરોપ લગાવવામાં આવ્યા છે. કોરોનાકાળ દરમિયાન વૃદ્ધની સેવા માટે કોર્પોરેટર છાયા ખરાદી અને નીતિ ખરાદી ઘરે આવતાં હતાં. ત્યારે વૃદ્ધ ગોપાલ શાહે સમગ્ર બાબતે શહેર ભાજપ પ્રમુખ અને મુખ્યમંત્રીને ફરિયાદ કરી છે.

વડોદરાના સમા-સાવલી રોડ પર અજીતા સોસાયટી આવેલી છે, જ્યાં ગોપાલ શાહ નામના વૃદ્ધ રહે છે. તેઓ એકલવાયુ જીવન જીવે છે. તેમણે કોર્પોરેટર છાયા ખરાદી પર વારસદાર તરીકે પોતાની પુત્રીનું નામ ઉમેરી મિલકત દીકરીના નામે કરાવી દેવાનો આરોપ મૂક્યો છે. ફરિયાદીનું કહેવું છે કે, હું અમિતનગર પાસે આવેલા મંદિરે દર્શન કરવા જતો ત્યાં આ માતા છાયા ખરાદી અને દીકરી નીતિ ખરાદી મને મળ્યાં હતા. હું બીમાર હતો ત્યારે તેઓ મારી સેવા કરવા અને મદદે આવતા હતા. પરંતુ એપ્રિલ મહિનામાં હું બીમાર પડ્યો ત્યારે તેઓ મને હોસ્પિટલમાં લઈ જવાનો છે એમ કહી કુબેરભવન લઈ ગયા હતા અને મને અંધારામાં રાખી સહીઓ કરાવીને વિલ બનાવી લીધું હતું. જેમાં સાક્ષી તરીકે તેમની સોસાયટીમાં જ રહેતા શ્વેતા તરંગ પટેલ અને ચાવડા શરણ નીતિનભાઈને રાખવામાં આવ્યાં હતા.

# ભૂતકાળમાં ગરીબ સુધી યોજનાના લાભ પહોંચાડવા માટે ચાલતું "એજન્ટ રાજ" 'ગરીબ કલ્યાણમેળા'એ નાબુદ કર્યુ – શ્રી ઋષિકેશભાઈ પટેલ, આરોગ્યમંત્રીશ્રી

## ધોળકાની ધરા પર આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત ગરીબોને વિવિધ સરકારી સહાય અર્પણ

અમદાવાદ જિલ્લાના ધોળકા ખાતે આયોજિત જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળાને સંબોધતા રાજ્યના આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભૂતકાળમાં ગરીબો સુધી યોજનાના લાભ પહોંચાડવામાં એજન્ટ રાજ ચાલતું હતું, જેને ગરીબ કલ્યાણ મેળાએ નેસ્તનાબુદ કર્યું છે શ્રી ઋષિકેશભાઈએ કહ્યું કે, હાલના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબ કલ્યાણ મેળાનો આરંભ કરાવતા ગરીબલક્ષી યોજનાઓના લાભ વિતરણમાં ચાલતા એજન્ટ રાજનો અંત આવ્યો છે.

ધોળકાની ધરા પર ગરીબોને ગરિમામય જીવન જીવવાનો અવસર પૂરુ પાડવાના હેતુથી આયોજિત ગરીબ કલ્યાણ મેળામાં વિવિધ સરકારી સહાય અર્પણ કરતાં આરોગ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગરીબ કલ્યાણ મેળાએ સરકારના ગહન વિચાર,મંથન અને ચિંતનનું સંવેદનશીલ સ્વરૂપ છે.

મંત્રીશ્રીએ કહ્યું કે, ગરીબ કલ્યાણ મેળા થકી રાજ્ય સરકારના જુદા જુદા વિભાગની સહાય પુરી પાડી ગરીબોના આર્થિક ઉત્કર્ષ અને સશક્તિકરણની દિશામાં ગંભીરતાપૂર્વક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. મંત્રીશ્રીએ ગરીબ કલ્યાણ મેળાની પૂર્વભૂમિકા સ્પષ્ટ કરતા કહ્યું કે, ગરીબોને સહાય વિતરણમાં પારદર્શકતા એ સરકારનો ધ્યેયમંત્ર છે અને એટલે જ લોકોની વચ્ચે જઈ લોકો જુએ તે રીતે વંચિતો અને ગરીબોને સહાય પુરી પાડવાનો પ્રયાસ કરવામાં આવે છે.

શ્રી ઋષિકેશભાઈએ ઉમેર્યું હતું કે, શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની 'ટીમ ગુજરાત' ગરીબ કલ્યાણ મેળા થકી ગરીબોને તેમનો અધિકાર અપાવી રહી છે અને વિકાસની પ્રક્રિયામાં વંચિત રહેલા ગરીબોને વિકાસયાત્રામાં સહભાગી બનાવી રહી છે.તેમણે આ અવસરે એવો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, સરકારની આ સહાયથી ગરીબો વધુ સન્માનપૂર્વક જીવન જીવી શકશે.

આ અવસરે ઉપસ્થિત કેન્દ્રીય સંચાર રાજ્યમંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણે કહ્યું કે, ભારતીય બંધારણમાં કલ્યાણ રાજ્યનો વિચાર




વ્યક્ત કરવામાં આવ્યો છે. જે અનુસાર રાજ્યમાં વસતા તમામ લોકો સુધી વિકાસના લાભો પહોંચાડવાની રાજ્યનું કર્તવ્ય છે. આ વિચારને ગરીબ કલ્યાણ મેળાએ વાસ્તવિક રૂપ આપ્યું છે. તેમણે કહ્યું કે, તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબ કલ્યાણ મેળાનો આરંભ આ વિચારને અનુસરીને કર્યો હતો. તેમણે ઉમેર્યું કે, અત્યાર સુધીના ગરીબ કલ્યાણ મેળામાં રાજ્યના ૧.૪૭ કરોડ દરિદ્રનારાયણને રૂ. ૨૬ હજાર કરોડથી વધુના લાભ હાથોહાથ પહોંચાડવામાં આવ્યા છે, જે ભારતીય બંધારણની કલ્યાણ રાજ્યની સંકલ્પનાને સાકાર કરે છે.

શ્રી દેવુસિંહે કહ્યું કે, ભૂતકાળમાં ગરીબી હટાવવા માટે ગરીબી રેખા નિર્ધારીત કરવામાં આવી હતી, પરંતુ તેના થકી સાચા અર્થમાં ગરીબી દુર થઈ શકી ન હતી, પરંતુ ગરીબ કલ્યાણ મેળા થકી આ દિશામાં અર્થસભર કામ થયું છે. મંત્રીશ્રીએ ટેકનોલોજીના માધ્યમ થકી પારદર્શકતા માટે થયેલા પ્રયાસોની રૂપરેખા આપતા કહ્યું કે, ડાયરેક્ટ બેનીફિટ ટ્રાન્સફર (ડીબીટી) થકી હવે યોજનાના લાભાર્થીઓ ના બેંક ખાતામાં સીધી રકમ જમા થાય છે.એટલે તેમાં ક્યાંય ભ્રષ્ટાચારને અવકાશ રહેતો નથી.

આ અવસરે કેન્દ્રીય સંચાર રાજ્યમંત્રીશ્રીએ કોરોના કાળમાં ભારત સરકારે કરેલી ઉત્તમ કામગીરીની વિગતો પણ પૂરી પાડી હતી.

આ પ્રસંગે પૂર્વ કેબીનેટ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે, ગરીબ કલ્યાણ મેળાએ સાચા અર્થમાં સુશાસનની પરિકલ્પનાને મૂર્તિમંત કરી છે. તેમણે આ સંદર્ભે થયેલા એક સર્વેને ટાંકતા કહ્યું કે, ગરીબ કલ્યાણ મેળામાં મળેલી કીટ અને સહાયનો લાભાર્થીઓએ પ્રમાણિકતાપૂર્વક ઉપયોગ કર્યો તેમના જીવનધોરણમાં સુધારો નોંધાયો હતો.

રાજ્યસભાના સાસંદ શ્રી નરહરીભાઈ અમીને પણ ગરીબ કલ્યાણ મેળા થકી આવેલા સામાજિક પરિવર્તનની ભૂમિકા આપી હતી.

આ કાર્યક્રમમાં દસક્રોઈ ધારાસભ્ય શ્રી બાબુભાઈ જમનાભાઈ પટેલ, સાણંદના ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલે, જિલ્લા પોલીસ વડા શ્રી વિરેન્દ્ર યાદવ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હર્ષદગીરી ગોસ્વામી તથા જિલ્લા પંચાયત ઉપપ્રમુખશ્રી અને અગ્રગણ્ય નાગરિકો કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

-અમિતસિંહ ચૌહાણ

# રાયવાડા ગ્રામ પંચાયત અને રિલાયન્સ ફાઉન્ડેશન સંયુક્ત ઉપક્રમે વિશ્વ જળ દિવસની ઉજવણીનો કાર્યક્રમ હાથ ધરાયો

(અરવલ્લી બ્યુરો સમાચાર)

રિલાયન્સ ફાઉન્ડેશનના કાર્ય વિસ્તાર એવા મેઘરજ તાલુકાના રાયવાડા ગામે વિશ્વ જળ દિવસની ઉજવણીના ભાગરૂપે ×ભુજળ અદ્રશ્ય થી દ્રશ્યમાન થીમ× પર જળ સંચય જાગૃતિ અભિયાન કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો,



પ્રસ્તુત કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા પંચાયતના ઉપપ્રમુખશ્રી કનુભાઈ મેનાતના અધ્યક્ષ સ્થાને હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં જિલ્લા સદસ્ય તલાજી,ડી.એસ.સી સંસ્થા પ્રતિનિધિ,પરિવર્તન સંસ્થાના ડાયરેક્ટર જગદીશભાઈ પંડ્યા તથા રાયવાડા ગ્રામ પંચાયત પ્રતિનિધિઓની ઉપસ્થિત કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો,

કાર્યક્રમમાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખ દ્વારા પ્રાસંગીક પ્રવચનમાં પોતાના કાર્યકાળ દરમિયાન પાણીસંગ્રહની કામગીરીને વધુ વેગ મળે તેવા તમામ પ્રયાસ હાથ ધરવાની ખાતરી આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા રાયવાડા ગામમાં વર્તમાન સમયમાં પાણીની સ્થિતિ અંગે સમજ કેળવવા વોટર બજેટીગ દ્વારા ગામ લોકોને ગામની પાણી વિષયક પરિસ્થિતિથી વાકેફ કરવાનો પ્રયાસ હાથ ધરાયો, જેના દ્વારા પાણીસંગ્રહ કામગીરીનું આગામી આયોજન પર ભાર મૂકવાં અંગે સમજ ઉભી કરવામાં આવી હતી,

કાર્યક્રમના અંતે રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા સહભાગી જન સમુદાયને પાણી વિષયક લોક જાગૃતિ માટે શપથવિધિ કાર્યક્રમ હાથ ધરી આભાર વિધિ સાથે કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

# વરિષ્ઠ નાગરિકો ને ST બસ ભાડામા કન્સેશન મળવુ જોઈએ

સમાજ હિત માટે નિસ્વાર્થ ભાવ થી કામ કરતી જાહેર સંસ્થા " સીનીયર સીટીઝન મંડળ, લવારપુર " ના પ્રમુખ શ્રી રમણભાઇ પટેલ ના નેતૃત્વ અને આયોજન થકી તારીખ ૨૬-૦૨-૨૦૨૨ ના રોજ નિસર્ગ સાયન્સ સેન્ટર, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે જન્મ દિન ઉજવણી કાર્યક્રમ યોજાઇ ગયો હતો. આ કાર્યક્રમ મા અતિથી વિશેષ અને મુખ્ય વક્તા તરીકે શ્રી કક્કડએ પોતાના પ્રવચનમા જણાવ્યુ હતુ કે કોરોના મહામારી હવે તેના અંત તરફ છે તેમ માની નિષ્ક્રીય રહેવુ યોગ્ય નથી. વયસ્ક નાગરિકો માટે વધતી ઉમર સાથે બ્લડ પ્રેસર, હદય રોગ, હતાશા, અનિંદ્રા, ડાયાબીટીસ, પરકીન્સંસ, યાદ શક્તિ ની ક્ષીણતા (અલઝીમર્સ), હાડકા પોલા પડવા, પ્રોસ્ટેટ જેવી સંભવિત બીમારીઓ નુ લીસ્ટ રજુ કરી તેના સામે સજ્જ બનવા માટેના સોનેરી નિયમો રજુ




કર્યા હતા.

હાલની પરિસ્થિતિ એ વરિષ્ઠ નાગરિકોને નોકરીની કોઇ શક્યતાઓ નથી, સરકારી નોકરીમા પેન્સન બંધ છે, વ્યાજના દરો અર્ધા થઇ ગયા છે, શેર બજાર અસ્થિર છે ત્યારે સામે પક્ષે અસહ્ય મોંઘવારી ની સામે વરિષ્ઠ નાગરિકોને સરકાર તરફ થી મળતા લાભો અને યોજનાઓ પ્રમાણમા ખુબજ અપર્યાપ્ત ગણાય. દેશના અન્ય રાજ્યોમા વરિષ્ઠ નાગરિકો ને જી બસ ભાડામા કન્સેશન આપવામા આવે છે. શ્રી કક્કડ એ હરિયાણા, મહારાષ્ટ્ર, નવી દિલ્હી, ચંદીગઢ, કર્ણાટકા, વિગેરે રાજ્યોમા જી બસ ભાડામા વરિષ્ઠ નાગરિકો ને કેટલા પ્રમાણમા, કયાર થી લાભો મળે છે અને વેસ્ટ બંગાળ મા પ્રવાસ નિગમન તેની હોટલો ના ભાડામા કેટલી રાહત આપે છે તેની આંકડાકીય માહિતી ચોક્કસ વિગતો સાથે રજુ કરી હતી. તેની સામે ગુજરાત રાજ્ય મા જી બસ ભાડામા વરિષ્ઠ નાગરિકો ને કન્સેશન હજુ મળતુ નથી. જે માટે ગુજરાત રાજ્ય મા સીનીયર સીટીઝનસના ચાલતા તમામ મંડળો સક્રિય બની રજુઆતો કરે તે ઈચ્છનીય છે. મંડળ ના પ્રમુખ શ્રી રમણભાઇ પટેલ અને નિસર્ગ સાયન્સ સેન્ટર ના વડા ડૉ. અનિલ પટેલ એ પણ પ્રોત્સાહક સંદેશ આપી હાજર સભ્યો ને પ્રેરણાત્મક માહિતી પુરી પાડી હતી.

## રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત, શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી, રાજ્યમંત્રી કુબેરભાઈ ડીંડોરની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો ૫૩મો વાર્ષિક પદવીદાન સમારંભ યોજાયો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો ૫૩મો વાર્ષિક પદવીદાન સમારોહ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત, શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી, ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્ય મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં ૧૨ વિદ્યાશાખાની ૧૦૧ જેટલી પદવીઓ અને મેડલ્સ ૩૬,૭૬૨ યુવા વિદ્યાર્થીઓને એનાયત કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત, ૬૨ પી.એચ.ડી. તથા ૧૩ એમ.ફિલ ધારકોને પદવીઓ એનાયત થઈ હતી.

કવિ નર્મદની પાવન પુણ્યતિથિએ યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે આયોજિત સમારોહમાં ઓનલાઈન દીક્ષાંત પ્રવચન કરતાં રાજ્યપાલશ્રીએ શિક્ષણનો મહિમા વર્ણવ્યો હતો, અને વિદ્યાર્થીઓને સુશિક્ષિત બની સમાજ-રાજ્ય-દેશના વિકાસમાં યોગદાન આપવાનો અનુરોધ કર્યો હતું. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, પદવી પ્રાપ્ત કરી યુવાનો જીવનના નવા અધ્યાયની શરૂઆત કરી પોતાના કાર્યક્ષેત્રમાં ડગ માંડી રહ્યા છે, ત્યારે રાષ્ટ્ર અને સમાજ પ્રત્યેના કર્તવ્યના પાલન દ્વારા યુવાનો ખરા અર્થમાં કર્મયોગી બને. શિક્ષિત એ વ્યક્તિ છે, જે પોતાના કર્તવ્યને જાણીને તેના પાલન માટે પ્રમાણિક પુરૂષાર્થ કરે છે.

રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું કે, શિક્ષણસંસ્થાઓમાં જ માનવનિર્માણનું કાર્ય થાય છે. પ્રાચીન ગુરૂકુલ શિક્ષાપદ્ધતિમાં ઋષિઓ પ્રકૃતિની ગોદમાં શિષ્યોને શિક્ષણ આપી જીવનના પડકારોનો સામનો કરવા સક્ષમ બનાવી તેમના સર્વાંગી વિકાસ માટે સતત ચિંતન કરતા.

રાજ્યપાલશ્રીએ પ્રાચીન ગુરૂકુલ શિક્ષા પદ્ધતિમાં દીક્ષાંત સમયે ગુરૂજનો દ્વારા આપવામાં આવતા ઉપદેશનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે,પદવીપ્રાપ્તિ કરનારા વિદ્યાર્થીઓ સત્યના માર્ગ પર પોતાના કર્તવ્યધર્મનું પાલન કરે. સતત અભ્યાસરત રહે, એટલું જ નહી પોતાની જ્ઞાનસંપદાથી અન્યને પણ સમુદ્ધ કરે એમ જણાવી તેમણે યુવાનોને માતા પિતા અને ગુરૂજનોને દેવતુલ્ય ગણી તેમનો આદર કરવાની શીખ પણ આપી હતી. આજે સમગ્ર દેશ સ્વતંત્રતાના ૭૫ વર્ષને "આઝાદીના અમૃત મહોત્સવ" સ્વરૂપે ઉજવી રહ્યો છે એનો સહર્ષ ઉલ્લેખ કરતાં રાજ્યપાલશ્રીએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના નિર્માણના સંકલ્પને સાકાર કરવા યુવાનો પુરૂષાર્થ કરે તેવું આહવાન કરી જણાવ્યું હતું કે, પરિશ્રમ જ સફળતાની ચાવી છે. ભારત દેશ ભૂતકાળની ભવ્યતા અને ગૌરવની પુનઃસ્થાપના માટે પરિવર્તન સાથે ઝડપથી આગળ વધી રહ્યો છે, ત્યારે યુવાનો પરિશ્રમની પરાકાષ્ઠા દ્વારા પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપે તેવો આગ્રહ તેઓએ વ્યક્ત કરી પદવી પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી.

શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ સમારોહને ઓનલાઈન સંબોધતા ઉચ્ચ શિક્ષણ બાદના નવા જીવનમાં પગલાં માંડી રહેલા યુનિવર્સિટીના તમામ તેજસ્વી તારલાઓને શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યું કે, સમગ્ર ભારતમાં સૌથી વધુ યુનિવર્સિટી ધરાવતાં રાજ્યોમાં ગુજરાત બીજા નંબરે છે. આજે જ્યારે શિક્ષણ જગતમાં જ્ઞાન-વિજ્ઞાનના ક્ષેત્રમાં આપણો ગુજરાતનો વિદ્યાર્થી પાછો ન પડે, વૈશ્વિક પડકારોનો સામનો કરે, પરિસ્થિતિ પ્રમાણે તે વધુ સુસજ્જ અને સફળ બને એ માટે નવીન અભિગમ ધરાવતી યુનિવર્સિટીઓની સ્થાપના કરવી તે ગુજરાત સરકાર દ્વારા કરાયેલી ખુબ સરાહનીય પહેલ છે.

તેમણે જણાવ્યું હતું કે, કોરોનાકાળમાં સૌથી વધુ નુકસાન શિક્ષણ ક્ષેત્રને થયું છે. આ મહામારીમાં પણ ગુજરાતનો વિદ્યાર્થી શિક્ષણથી વંચિત ન રહે એ માટે ઓનલાઇન માધ્યમથી પણ વિદ્યાર્થીઓને શિક્ષણનું ભાથું મળતું રહે એ માટેની તમામ જરૂરી વ્યવસ્થાઓ કરવામાં સરકાર સફળ રહી છે. નવી શિક્ષણ નીતિના પ્રોત્સાહક પરિણામો મળશે એમ જણાવતાં મંત્રીશ્રીએ પ્રત્યેક વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ ગુમાવ્યા વગર સતત અને સખત મહેનતથી કારકિર્દીના રાહ પર આગળ વધવાની શુભકામનાઓ પાઠવી હતી.

ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્ય મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરે આ પ્રસંગે વર્ચ્યુઅલ સંબોધન કરી સ્નાતક, અનુસ્નાતક ઉપાધિ મેળવનાર ૩૬,૭૬૨ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યાં હતાં. તેમણે કહ્યું કે, શિક્ષણ એ સામાજિક મૂલ્યો સહિત જ્ઞાનનું યોગ્ય મિશ્રણ છે, જે યુવા વિદ્યાર્થીઓને રાષ્ટ્રનિર્માણ તરફ પ્રેરિત કરી શકે છે. જીવનના અમૂલ્ય વર્ષો વિદ્યાભ્યાસ કર્યા બાદ તમારે કારકિર્દી નિર્માણ માટે વિશાળ અને સ્વતંત્ર ફલકમાં કઠોર પરિશ્રમ-કુશળતા અને સામર્થ્યથી ઉજ્જવળ ભવિષ્ય કંડારવાનું છે એમ જણાવતાં મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

પ્રાસંગિક ઉદ્દબોધન કરતાં યુનિવર્સિટીના કુલપતિ ડો.કિશોરસિંહ એન.ચાવડાએ જણાવ્યું કે, યુનિવર્સિટીએ શિક્ષણ અને પારદર્શી મેનેજમેન્ટથી આગવી ઓળખ ઉભી કરી છે. શાળા-કોલેજ અને યુનિવર્સિટીના સુરક્ષિત વાતાવરણમાંથી બહાર નીકળી કારકિર્દીની પડકારજનક સફર તરફ આગળ વધવા માટે સજ્જ બનવાની સાથે તેમણે ઉપસ્થિત યુવાધનને નવા પડકારોનો સામનો કરીને સમાજ-દેશના હિત કાજે લક્ષ્યને હાંસલ કરવાની શીખ આપી હતી.

આ પ્રસંગે કુલસચિવશ્રી ડો.જયદીપ ચૌધરી, વિભાગીય વડાઓ, યુનિવર્સિટીના પદાધિકારીઓ, કોલેજોના આચાર્યશ્રીઓ સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.






તાજેતર મા હિમાચલ ખાતે ૧૨ .મી નેશનલ કુડો ટુર્નામેન્ટ યોજાય હતી જેમા અમદાવાદ ના ૩૦ વધુ વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો જેમા શ્રેયશ ફાઉન્ડેશન ના ધો.૧૧મા ભણતા વિધાથી યુગરાજ મુકુંનદ રાજપૂતે બોન્ઝ મેડલ મેળવ્યો હતો આ પ્રસંગે સમાજ ના લોકો અંભિનંદન આપી ખુશી વ્યક્ત કરી હતી.

# જાતિય સતામણી ફરિયાદ નિવારણ રક્ષણ અધિનિયમ-૨૦૧૩ અને મહિલા કલ્યાણલક્ષી યોજનાઓના માર્ગદર્શન અંગેનો સેમિનાર ભામાશા કોલેજમાં યોજાયો

મહિલા અને બાળ અધિકારીની કચેરી અરવલ્લી શ્રી બી.એમ.શાહ કોલેજ ઓફ ફાર્માસ્યુટીકલ એજ્યુ,એન્ડ રીસર્ચ, શ્રી બી.એમ.શાહ કોલેજ ઓફ ફાર્મસી,શ્રી એમ.કે.શાહ લાટીવાળા કોલેજ અને મહિલા અને બાળ અધિકારીની કચેરી અરવલ્લીના સંયુકત ઉપક્રમે "કામકાજના સ્થળે મહિલાઓને જાતિય સતામણી (ફરિયાદનું નિવારણ રક્ષણ તેમજ સુધારણા) અધિનિયમ ૨૦૧૩ " અંતર્ગત કાયદાકીય જાગૃતિ તથા મહિલા કલ્યાણલક્ષી યોજનાઓના માર્ગદર્શન અગેનો સેમિનાર ભામાશા હોલ કોલેજ કેમ્પસમાં યોજાયો.

કાર્યક્રમમાં સાંનિધ્ય સમારંભના અધ્યક્ષ, માનદ્‌મંત્રીશ્રી ડૉ.ધનશ્યામભાઈ જે.શાહ (શ્રીમતી કે..એ.મોદી એમ.એસ.ડબલ્યુ કોલેજ,મોડાસા), મુખ્ય મહેમાનશ્રી ધિરેનભાઈ એમ.પ્રજાપતી (શ્રીમતી કે..એ.મોદી એમ.એસ.ડબલ્યુ કોલેજ,મોડાસા) સમાંરભના ઉદધાટક શ્રી દીપેનભાઈ પડ્યા



(જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી મોડાસા-અરવલ્લી),ડૉ નરેશભાઈ મેણાત જિલ્લા દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીશ્રી મોડાસા-અરવલ્લી, શ્રીમતી કોકીલાબેન એ.મોદી. એમ.એસ.ડબલ્યુ.કોલેજ મોડાસા પ્રિન્સીપાલ શ્રી રાકેશભાઈ.બી.પ્રજાપતિ તથા કોલેજનાં સ્ટાફગણ, તેમજ મ.ઞ.છ,/.ૃ.ઙ.ઞ.છ,/મ.મ.છ/.સ.દ્વિ. સાયન્સ કોલેજના પ્રિન્સીપાલશ્રી હાજર રહેલ તથા મહિલા અને બાળ અધિકારી કચેરીના ફિલ્ડ ઓફિસર,મહિલા શક્તિ કેન્દ્રના કો-ઓર્ડિનેટર,અરવલ્લી જિલ્લા રોજગાર કચેરીના કાઉન્સેલર ધારાબેન પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને કારકીર્દિલક્ષી અનુબંધમ પોર્ટલમાં રજીસ્ટ્રેશન અંગે તથા રોજગારલક્ષી માર્ગદશન આપવામાં આવ્યું હતું.તેમજ કોઈપણ મહિલા જો જાતિય સતામણીથી પીડિત છે તો તેને નિર્ભય પણે સલામતી સમિતિમાં જઈ પોતાની વ્યથા રજુ કરી શકે છે.જેથી પીડિત મહિલાને જાતિય સતામણી માંથી બચાવી શકાય.જાતિય સતામણી ફરિયાદ નિવારણ અધિનિયમ-૨૦૧૩ ના કાયદા અનુસાર મહિલાઓ કામકાજ કોઈપણ જગ્યાએ નોકરી કે કામ કરતી મહિલાઓ ઉપર જાતિય સતામણી કરવામાં આવે છે.તેને તે અંગેના કાયદા,જાતિય સતામણી અટકાવવા માટે બનાવવામાં આવતી સલામતી સમિતિ ઉપર વિસ્તૃત માર્ગદશન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિર્ધાથીની તથા ભાઈઓ હાજર રહ્યા હતા. સદર સેમિનારમાં "કામકાજના સ્થળે મહિલાઓને જાતિય સતામણી (ફરિયાદનું નિવારણ રક્ષણ તેમજ સુધારણા) અધિનિયમ ૨૦૧૩ અંતર્ગત કાયદાકીય જાગૃતિ તેમજ કાયદા વિષયક માર્ગદર્શન સેમિનારમાં માર્ગદશન પૂરૂ પાડેલ તથા આ સાથે મહિલાઓને મળેલા અધિકારોની વિસ્તૃત સમજ આપવામાં આવી.તેમજ મહિલા અને બાળ અધિકારીની કચેરીના સ્ટાફગણ દ્વારા સરકારશ્રીના તમામ વિભાગોની મહિલાલક્ષી યોજનાઓની વિસ્તૃત સમજ તેમજ માહિતી આપવામાં આવી.

## અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક ભરતી પરીક્ષાઓની તૈયારી માટે તાલીમ સહાય યોજના

નાયબ નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની અમદાવાદકચેરીની અખબારી યાદી અનુસાર વર્ષ ૨૦૨૧-૨૨ માટે મેડીકલ, એન્જિનિયરિંગમાં પ્રવેશ માટેની ગુજકેટ, નીટ, જેઈઈ જેવી પરીક્ષાઓની પૂર્વ તૈયારી માટે તાલીમ સહાય આપવાની યોજના અને આઈઆઈએમ, નિફ્ટ, સેપ્ટ અને એનએલયુ જેવી કેન્દ્રીયકૃત સંસ્થાઓમાં પ્રવેશ માટેની પૂર્વ પરીક્ષાની તૈયારી માટે તાલીમ સહાય આપવાની યોજના તેમજ રાજ્ય સરકારશ્રી અને કેન્દ્ર સરકારની તમામ સ્પર્ધાત્મક ભરતી પરીક્ષાઓની તૈયારી માટે તાલીમ સહાય આપવાની યોજના અંતર્ગત ઉક્ત યોજનાઓ હેઠળ તાલીમ સહાય મેળવવા ઈચ્છતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને esamajkalyan.gujarat.gov.in પોર્ટલ પર યોજનાકીય માહિતી મેળવી રજીસ્ટ્રેશન કરી ઓનલાઈન અરજી કરવા માટે જણાવવામાં આવે છે.

# પાલનપુરમાં નકલી નોટો વટાવવા આવેલા મેરઠથી ૪ શખ્સોને પોલીસે ઝડપ્યા

બનાસકાંઠા બ્યુરો
રિપોર્ટ : દીલીપ ગોહીલ

ઉત્તર પ્રદેશના મેરઠથી ૧૦૦ રૂપિયાના નકલી નોટો બનાસકાંઠાના પાલનપુરમાં વટાવવા આવેલા ૪ શખ્સોને પૂર્વ પોલીસે શુક્રવારે ક્ષુધાશાંતિ લોજના રૂમમાંથી ઝડપી લીધા હતા. જેમની પાસેથી રૂ. ૧૦૦ના દરની ૪૫૭ નકલી નોટો પોલીસે કબજે કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.બનાસકાંઠા એએસપી સુશિલ અગ્રવાલે જણાવ્યું કે, ઉત્તર પ્રદેશના મેરઠથી કેટલાક શખ્સો પાલનપુર નકલી નોટો વટાવવા આવ્યા હોવાની પોલીસને બાતમી મળી હતી. જેમને પકડવા માટે સર્કલ પીઆઇ આર. કે. સોલંકી સહિત ટીમે ઓપરેશન હાથ ધર્યુ હતુ અને શુક્રવારે બાતમીના આધારે ક્ષુધાશાંતિ લોજના રૂમમાંથી ૪ શખ્સોને રૂ.૧૦૦ના દરની ૪૫૭ નકલી નોટો સાથે ઝડપી લીધા હતા. આ શખ્સો શહેરની નાની-નાની દુકાનોમાં જઇ રૂ.૧૦ની વસ્તુ લઇ તેની સામે રૂ.૯૦ પરત લઇ લેતા હતા. આ રીતે આ શખ્સોએ



પાલનપુરમાં નકલી નોટો વટાવતા હતા.' આ શખ્સો પાસેથી ૪ મોબાઇલ કિંમત રૂ. ૬૦૦૦ તેમજ રોકડ રૂપિયા ૩૭૫૦ મળી કુલ રૂ. ૯૭૫૦નો મુદ્દામાલ કબજે કરાયો હતો. અત્યાર સુધીમાં પાલનપુર સહિત અન્ય વિસ્તારમાં કેટલા રૂપિયાની નકલી નોટો વાપરી સહિતની વધુ તપાસ ચાલુ છે.આ શખ્સો પાસે રૂ. ૧૦૦ ના દરની નકલી નોટો હતી. જેમાં ૪ જ સીરીઝની આ નકલી નોટો હતી. આમ એક જ સીરીઝની વધારે પડતી નોટો હોવાથી તે નોટ નકલી હોવાનો ખ્યાલ આવ્યો હતો.

નકલી નોટો ઝડપાયેલા શખ્સો

૧.મહંમદસમીર મહંમદનસીમ મહંમદકરાર સૈયદ અને

૨. મહંમદઆતીફ મહંમદનસી મહંમદકરાર સૈયદ (ઉં.વ.૨૦), (બંને રહે.નાસીરગલી નં.૪, મદીના કોલોની અબુબકર મસ્જીદ પાસે, લીસાડી રોડ, મેરઠ શહેર, જી.મેરઠ (યુ.પી.)

૩. અબ્દુલકરીમ ઉર્ફે બિલાલખાન મહમંદતોહીદ પઠાણ (રહે.ગલી નં-૫, શ્યામનગર રોડ, ગોલ્ડન ઈદગાહ કોલોની, મેરઠ શહેર,જી.મેરઠ

૪. મહંમદઇ જીંમામ મહંમદરજી સૈયદ (રહે.લોઇયા,તા.સરદના,જી.મેરઠ

# પાટણ ભગવતી ઈન્ટરનેશનલ સ્કૂલમાં રસીકરણ કાર્યક્રમ યોજાયો



પાટણ : કોરોના અને ઓમિક્રોન જેવી સંસર્ગજન્ય મહામારી રોકવા માટે સરકાર દ્વારા યુદ્ધના ધોરણે રસીકરણ કામગીરી હાથ ધરવામાં આવી છે.તો તેના ભાગરૂપે પાટણ શહેરમાં આવેલ ભગવતી ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં વિદ્યાર્થીઓ ને કોરોના પ્રતિબંધક રસી આપવામાં આવી. આ પ્રસંગે સ્કૂલ ના પ્રિન્સિપાલ રાજેન્દ્ર.એસ. માલવાલ તેમજ વાઈસ પ્રિન્સિપાલ ચિરાગભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા. પ્રિન્સિપાલશ્રી એ માહિતી આપતા જણાવ્યું કે સ્કૂલ ની શરૂઆત દરમિયાન માસ્ક,શોશલ ડિસ્ટન્સ,હાથ સ્વચ્છ રાખવા તેમજ સેનેટાઈજર નો ઉપયોગ જેવી મહત્વ ની બાબતોનું સ્કૂલ ના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા ચુસ્ત પાલન કરવામાં આવે છે. યોગ્ય ઉંમરના વિદ્યાર્થીઓને રસી સમયસર મળે તેની પણ સ્કૂલ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ સ્કૂલ નો સંપૂર્ણ પરિસર સ્વચ્છ રહે તેનું પણ વિશેષ ધ્યાન રાખવામાં આવે છે.(ભરત જોશી.પાટણ)

# રોટલીયા હનુમાન પાટણ થી અંબાજી સાઈકલ યાત્રા

પાટણ શહેર : સમાજ પ્રભોધન ના વિવિધ સંદેશ સાથે દર વર્ષે યોજાતી સાઇકલ યાત્રા આ વર્ષે પણ યથાવત રાખી .પાટણ શહેરમાં આવેલ હાસાપુર ચાણસ્મા લિંક રોડ સ્થિત આવેલ રોટલીયા હનુમાન મંદિર થી અંબાજી યોજવામાં આવી. યાત્રા નો આરંભ સવારે ચાર વાગે થઈ હતી જેમાં આ વખતે પચીસ સાયકલસ્વાર જોડાયા હતા. જેમાં પવનસુત હનુમાનજી ના ટી શર્ટ પરિધાન કરી વિવિધ પડાવ



થકી સાયકલસ્વાર આગળ વધ્યા હતા. આ પ્રસંગે સાઇકલ યાત્રા ના સંયોજક શ્રી સ્નેહલભાઈ પટેલ માહિતી આપતા જણાવ્યું કે યુવાનોમાં શારીરિક તંદુરસ્તી.. તેમજ વ્યસનમુક્તિ નો સંદેશ આપતી આ યાત્રા આ વખતે પણ યથાવત રાખી હતી.(ભરત જોશી.પાટણ)

# ચાણસ્મા હોમગાર્ડ યુનિટ દ્વારા આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત સ્વચ્છતા અભિયાન યોજાયું



રિપોર્ટ નિખિલ જોશી
પાટણ બ્યુરો

ભારત સરકારના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી નું સૂત્ર એક કદમ સ્વચ્છતા કી ઔર મુજબ ઠેરઠેર સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે ત્યારે આજરોજ આઝાદીકા અમૃત મહોત્સવ દરમિયાન ચાણસ્મા હોમગાર્ડ યુનિટ દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતુંમળતી વિગતો મુજબ પાટણ જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ દશરથજી ઠાકોર ની રાહબારી નીચે ચાણસ્મા હોમગાર્ડ યુનિટ ઓફિસર રાજેન્દ્ર કુમાર શ્રીમાળી તથા હોમગાર્ડ યુનિટ ના જવાનો દ્વારા આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત સ્વચ્છ ભારત અભિયાન દ્વારા ચાણસ્મા પોલીસ સ્ટેશન, ચાણસ્મા પોલીસ લાઈન,તેમજ સરદાર ચોક સહિત ની આસપાસ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું તેમજ સ્વચ્છતા માટે જનજાગૃતિ રેલી યોજવામાં આવી હતી

# કાણોદરની નર્સના આપઘાત કેસમાં કોર્ટે સાસરિયાંના જામીન નામંજૂર કર્યા




બનાસકાંઠા બ્યુરો
રિપોર્ટ : દીલીપ ગોહીલ

કાણોદર ગામની મહિલાને સાસરિયાં પક્ષ દ્વારા મહિલાને અવારનવાર માનસિક ત્રાસ આપતા મહિલાએ આપઘાત કરતા મહિલાના પિતાએ જમાઈ, સાસુ, અને બે નણંદ સામે દુસ્પ્રેરણનો ગુનો નોંધાવ્યો હતો. જેમના કોર્ટે આગોતરા જામીન નામંજૂર કર્યા હતા. પાલનપુર તાલુકાના કાણોદર ગામની જાગૃતિબેનના પાલનપુર સોનબાગ વિસ્તારમાં આઠ વર્ષ પહેલાં સમાજના રીત રિવાજ લગ્ન કરાયા હતા. જાગૃતિબેન ડીસા સિવિલ હોસ્પિટલમાં નર્સ તરીકેની ફરજ બજાવતા હતા. જોકે, તેમના પતિ અન્ય યુવતી સાથેના સબંધોને લઇ અવારનવાર માનસિક ત્રાસ આપતા હતા. તેમના સાસુ-સસરાના પણ ત્રાસથી જાગૃતિબેને ગળે ફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. આ અંગે મહિલાના પિતાએ જમાઈ નિકેશકુમાર જેઠાભાઈ સેભરા, સાસુ મણીબેન જેઠાભાઇ સેભરા, નણંદ નિતાબેન જેઠાભાઇ અને વર્ષાબેન જેઠાભાઇ સામે દુષ્પ્રેરણનો ગુનો નોંધાવ્યો હતો. જેમના આગોતરા જામીન કોર્ટે નામંજૂર કર્યા હતા.

# વિરમગામ ખાતે સપ્તધારાના સાધકોએ પપેટ શો દ્વારા પોલિયો અભિયાનની જનજાગૃતિ કરી

(વંદના નીલકંઠ વાસુકિયા) વિરમગામ : અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકામાં સપ્તધારાની ટીમ દ્વારા પોલીયો અભિયાન અંગે વિસ્તૃત માહીતીસભર પપેટ શો દ્વારા જનજાગૃતિ કરવામાં આવી હતી. સપ્તધારાના સાધકો નીલકંઠ વાસુકિયા, ગૌરીબેન મકવાણા, રવિન્દ્ર રાઠોડ, જયેશ પાવરા, ડો.ધારા પટેલ, યજ્ઞેશ દલવાડી સહિતની ટીમ દ્વારા પપેટ શો રજુ કરી જનજાગૃતિ કરવામાં આવી હતી. વિરમગામ સહિત રાજયભરમાં ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૨ને રવિવારે પોલીયો બુથ ઉપર ૦ થી ૫ વર્ષના તમામ બાળકોને પોલીયોના ટીપા પીવડાવવામાં આવશે. પોલીયો અભિયાનના બીજા અને ત્રીજા દિવસે પોલીયોની ટીમ દ્વારા ઘરે ઘરે ફરીને પ્રથમ દિવસે બુથ પર પોલીયો ન પીવડાવ્યો હોય તેવા ૦ થી ૫ વર્ષના બાળકોને શોધવામાં આવશે અને તેમને પોલીયો પીવડાવવામાં આવશે. પોલીયો અભિયાનને સફળ બનાવવા માટે તાલુકા હેલ્થ ઓફિસર, વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરો, અર્બન હેલ્થ ઓફિસર, સુપરવાઇઝરો સહિત



આરોગ્ય વિભાગના કર્મચારીઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, દેશમાં પોલીયોનો એક પણ કેસ ન થાય તે હેતુંથી પોલીયો અભિયાન ચલાવવામાં આવી રહ્યુ છે ત્યારે અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકામાં સપ્તધારાની ટીમ દ્વારા પોલીયો અભિયાન અંગે વિસ્તૃત માહીતીસભર પપેટ શો દ્વારા જનજાગૃતિ કરવામાં આવી હતી. પોલીયો અભિયાન શરૂ થાય તે પુર્વે વિરમગામ તાલુકાના તમામ ગામોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દ્વારા પ્રચાર-પ્રસારની કામગીરી કરવામાં આવી હતી અને આરોગ્ય વિભાગ ઉપરાંત વિવિધ વિભાગોના અધિકારીઓ દ્વારા પણ પોલીયો અભિયાનને સફળ બનાવવા માટે સહકાર આપવામાં આવી રહ્યો છે. રવિવારે પોલીયો અભિયાનના પ્રથમ દિવસે વાલીઓએ પોતાના ૦ થી ૫ વર્ષના તમામ બાળકોને નજીકના પોલીયો બુથ પર લઇ જઇને પોલીયોના ટીપા અવશ્ય પીવડાવવા જોઇએ.

**બે ટીપા દરેક વાર બાળકની લઈએ દરકાર : ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૨ને રવિવારે ૦ થી ૫ વર્ષ સુધીના તમામ બાળકોને દરેક વખતે પોલિયોના બે ટીપા અચૂક પીવડાવો**

# બનાસકાંઠા દાંતા તાલુકામા ડિગ્રી વગરના બોગસ ડૉક્ટરો વિરુદ્ધ કાર્યવાહી ક્યારે ??

દાંતા ગામ મા અને આખા તાલુકામાં જ્યા જુઓ ત્યાં ડિગ્રી વગર ના બોગસ ડૉક્ટરોનો રાફડો ફાટ્યો હોય તેવું નજરે દેખાઈ રહ્યું છે તેમ છતાં તંત્ર અજાણ દાંતા તાલુકામાં રોજનો એક બોગસ ડોક્ટર પોતાનું દવાખાનું ખોલી બેસી જતો હોય છે અને જાણે પોતે એમબીબીએસ હોય તેમ મનુષ્ય જીવન સાથે ચેડા કરી પોતાની પ્રેક્ટિસ કરી રહ્યા છે.

આમ જોવા જઈએ તો દાંતા તાલુકા ની ઘણના એક પછાત એરિયામા થાય છે .અહીંના લોકો ને ઉચ્ચ કક્ષાનું શિક્ષણ ના હોવાથી આવા બોગસ ડૉક્ટરો પાસે જવા મજબુર થવું પડતું હોય છે અને આનો ફાયદો ઉઠાવી મન ફાવે તેમ ડૉક્ટરો લૂંટતા હોય છે વધુ મા વાત કરવામાં આવે દાંતા આરોગ્ય કેન્દ્ર ની તો દાંતા આરોગ્ય કેન્દ્ર મા પણ કંઈક અલગજ બહાના જોવા મળતા હોય છે કોઈ નાનો મોટો પ્રેશન્ટ આવે તો તેનો ઈલાજ કરવાના બદલે તે પ્રેશન્ટ ને તાત્કાલિક પાલનપુર જ રીફર કરી દેવામાં આવતો હોય છે તો ક્યાંક ને ક્યાંક દાંતા આરોગ્ય કેન્દ્ર મા પણ સારા એવા ડોક્ટરોને ખોટ વર્તાઈ રહી હોય તેવું લાગી રહ્યું છે ....(બનાસકાંઠા બ્યુરો.અંબાજી)



શિક્ષણ જગતમાં ખુબ જ મોટુ નામ ધરાવતા શિક્ષણ શ્રેષ્ઠી, નવયુગ સંકુલ ( વીરપર )મોરબી ના ટ્રસ્ટી અને મારા પરમ મિત્ર આદરણીય પી ડી કાંજીયા સાહેબ અને આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત શુભેચ્છા મુલાકાત

# અમદાવાદ(પૂર્વ)આર.ટી.ઓ. દ્વારામોટર સાયકલ અને મોટરકારનીજૂની સીરીઝ ના ગોલ્ડન-સિલ્વર નંબરોનું ઈ-ઑક્શન શરુ થશે

સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી, અમદાવાદ (પૂર્વ) દ્વારા વાહનચાલકોની સગવડતા અર્થે પસંદગીના નંબરોની ફાળવણી માટે ઑનલાઈન ઈ-ઑક્શન કરવામાં આવશે. જેમાં ભાગ લેવા ઈચ્છુક વાહનમાલિકોએ આગામી તા. ૧૦ થી ૧૨માર્ચ૨૦૨૨ સુધીમાં ઑનલાઈન એપ્લિકેશન કરી નિયત રકમ ચૂકવવાની રહેશે.

મોટર સાયકલ અને મોટર કાર ની જૂની સીરીઝ ના ગોલ્ડન-સિલ્વર નંબરોનું ઈ-ઑક્શન માટે શરૂ કરવામાં આવનાર છે. આ ઈ-ઑક્શનમાં ભાગ લઈ પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહનમાલિકોએ તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરાવી http://parivahan.gov.in/fancynumberપર આગામી તા. ૧૦ થી ૧૨માર્ચ ૨૦૨૨ સુધીમાં ઑનલાઈન રજીસ્ટ્રેશન કરાવી બેઈઝ રકમનું પેમેન્ટ કરવાનું રહેશે. ત્યારબાદ તા. ૧૩ અને ૧૪ માર્ચ ૨૦૨૨ ના રોજ ઈ-ઑક્શનનું બિડિંગ યોજાશે. અને તા. ૧૫ માર્ચ ૨૦૨૨ ના રોજ ઈ-ઓક્શનના ફોર્મ અત્રેની કચેરીમાં જમા કરાવવાના રહેશે.

ફેન્સી નંબર મેળવવા ઈચ્છુક અરજદારોએ http://parivahan.gov.in/fancynumberવેબસાઈટ પર જઈ સેલ ઈન્વોઇસની તારીખ અથવા વિમાની તારીખ એ બે માંથી જે વહેલું હશે તે તારીખ થી સાત દિવસમાં અરજી કરી દેવાની રહેશે.

અરજી કરેલ હોય તેવા જ અરજદારો વાહનના સેલ લેટરમાં દર્શાવેલ વેચાણ તારીખથી ૬૦ દિવસના અંદર હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકશે. નિયત સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે.

જો અરજદારએ હરાજીની પ્રકિયા પૂર્ણ થયાના પાંચ દિવસ સુધીમાં બીડની રકમના નાણાં જમા કરાવવાના રહેશે. આ સમયમર્યાદામાં નાણાં ચુકવવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમ જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.